વર્ષ - ૩, અંક - ૧૧, સળંગ અંક - ૩૫, દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક જાન્યુઆરી : ૨૦૧૫

સતપંથ પ્રકાશ







પાટીદાર એકાત્મક : લવ-કુશ મહા સંમેલન પ્રસંગે દીપ પ્રાગટ્ય કરી રહેલ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ, (પ્રેરણાપીઠ - પીરાણા), પ.પૂ. સ્વામી સત્યમિત્રાનંદગીરીજી મહારાજ (ભારતમાતા મંદિર - હરિદ્વાર), પ.પૂ. મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજ (આણદાબાવા સંસ્થા - જામનગર), મા. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા અન્ય મહાનુભાવો વગેરે (સોલા - અમદાવાદ, તા. ૨૮-૧૨-૨૦૧૪)



પાટીદાર એકાત્મક : લવ-કુશ મહા સંમેલન પ્રસંગે મંચસ્થ બિરાજમાન પૂ. જગદ્‌ગુરુ શ્રી, પૂ. સંતો-મહંતો - મહાનુભાવો વગેરે (સોલા - અમદાવાદ, તા. ૨૮-૧૨-૨૦૧૪)

છૂટક કિંમત રૂ. ૯/-, વા.લ. રૂ.૧૦૦/-

વર્ષ - ૩, અંક - ૧૧, સળંગ અંક - ૩૫, દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક જાન્યુઆરી : ૨૦૧૫

સતપંથ પ્રકાશ







પાટીદાર એકાત્મક : લવ-કુશ મહા સંમેલન પ્રસંગે દીપ પ્રાગટ્ય કરી રહેલ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ, (પ્રેરણાપીઠ - પીરાણા), પ.પૂ. સ્વામી સત્યમિત્રાનંદગીરીજી મહારાજ (ભારતમાતા મંદિર - હરિદ્વાર), પ.પૂ. મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજ (આણદાબાવા સંસ્થા - જામનગર), મા. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા અન્ય મહાનુભાવો વગેરે (સોલા - અમદાવાદ, તા. ૨૮-૧૨-૨૦૧૪)



પાટીદાર એકાત્મક : લવ-કુશ મહા સંમેલન પ્રસંગે મંચસ્થ બિરાજમાન પૂ. જગદ્‌ગુરુ શ્રી, પૂ. સંતો-મહંતો - મહાનુભાવો વગેરે (સોલા - અમદાવાદ, તા. ૨૮-૧૨-૨૦૧૪)

છૂટક કિંમત રૂા. ૯/-, વા.લ. રૂા.૧૦૦/-

Sola Bhagwat Vidyapith - Patidar Ekta

પાટીદાર એકાત્મક પર્વ / લવ-કુશ મહા સંમેલન

સોલા ભાગવત વિદ્યાપીઠ - અમદાવાદ (તા. ૨૮-૧૨-૨૦૧૪)



ઉપરોક્ત પ્રસંગે શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટના પ્રમુખશ્રી ભીખુભાઈ લ. પટેલના અમૃત પર્વ નિમિત્તેના 'સ્મૃતિગ્રંથ'નું વિમોચન કરતા પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા સંતો તેમજ માન. મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલ તથા અન્યો.



ઉપરોક્ત પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજનું શાલ તથા મોમેન્ટ દ્વારા ટ્રસ્ટના માનદ્ મંત્રી શ્રી વિસાભાઈ પટેલ સન્માન કરી રહેલ છે.



ઉપરોક્ત પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ મા. મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલનું અભિવાદન કરી રહેલ છે.



ઉપરોક્ત પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ દાનવીર ભામાશાઓનું મોમેન્ટો દ્વારા સન્માન કરી રહેલ છે.

શ્રી બોડામુખી સત્‌પંથ મંદિર - અખંડ જ્યોતિનો ૨૦મો વાર્ષિક સ્થાપના દિન મહોત્સવ

સુરત - (તા. ૬-૧૨-૨૦૧૪)



ઉપરોક્ત પ્રસંગે જગદ્‌ગુરુશ્રી તથા સંતોનાં સ્વાગત - સામૈયાં



ઉપરોક્ત પ્રસંગે વિષ્ણુયાગ મહાયજ્ઞ પૂર્ણાન્તે શ્રીફળ આહુતિ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા અન્ય સંતો -મહંતોના વરદ્ હસ્તે



ઉપરોક્ત પ્રસંગે વારિયજ્ઞ - મહાપૂજા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના વરદ્ હસ્તે વ્યાસપીઠ પર પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ



ઉપરોક્ત પ્રસંગે વારિયજ્ઞ મહાપૂજા પૂર્ણાન્તે આશીર્વચન પાઠવતા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ

સત્પંથ પ્રકાશ | **જાન્યુઆરી - ૨૦૧૫**

વર્ષ : ૩, અંક : ૧૧, સળંગ અંક : ૩૫

:: સત્પંથ પ્રકાશ - લવાજમ દર ::

	ભારતમાં	વિદેશમાં
વાર્ષિક	૧૦૦=૦૦	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	૨૫૦=૦૦	૧૮૦૦=૦૦
આજીવન	૮૫૦=૦૦	૪૦૦૦=૦૦
અમર	૧૫૦૦=૦૦	૭૦૦૦=૦૦

:: પ્રકાશક ::

સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ-૩૮૨૪૨૫. ફેક્સ : ૦૨૭૧૮-૨૮૮૮૭૨
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - બુકસ્ટોલ મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોનઃ ૦૨૭૧૮-૨૮૮૮૧૨

E-mail : prernapith@gmail.com
kkp_pirana@yahoo.com
(Contact : Mob. No. 9909508029)

Website : www.satpanth.org
www.satpanthprakashan.org
www.nishklankinarayan.com

કુરીયર્સ : મારૂતિ કુરીયર્સ, બારેજા - અમદાવાદ.
C/o. સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા.
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - બુક સ્ટોલ
મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોન : ૦૨૭૧૮-૨૮૮૮૧૨

ડીઝાઈન અને ટાઈપ સેટીંગ : અતુલ એસ. રાણા

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ : બી-૫/૬/૭, રવિ એસ્ટેટ, રૂસ્તમ મિલ કંપાઉન્ડ, ટોરેન્ટો પાવરની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪, ફોન : (૦૭૯) ૨૫૬૩૦૩૭૨/૭૩

મૂળ ક્રમ : વર્ષ : ૨૨, અંક : ૩, સળંગ અંક : ૨૫૫

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય વિજયેતેતરામ ॥

શ્રધ્ધા વિશ્વાસ અને પ્રેમ એ ઉન્નતિનાં ત્રણ પગથિયાં છે. શ્રધ્ધાની સામે બધું જ સંભવિત છે. વિશ્વાસ અઘરાને સરળ કરી નાખે છે અને પ્રેમ તો તેને સરલતમ બનાવી દે છે. જેઓ આ ત્રણ સદ્‌ગુણોનો અભ્યાસ કરે છે તેમનો માર્ગ મુશ્કેલીઓ અને કષ્ટોથી મુક્ત થઈ જાય છે. શ્રધ્ધાવાનને પોતાના પ્રત્યેક કાર્યમાં સરળતા પ્રાપ્ત થાય છે. જ્યારે શ્રધ્ધા દૃઢ થઈ જાય છે ત્યારે કલ્યાણ કરવાવાળી માતા સમાન દરેક સ્થિતિમાં આપણી રક્ષા કરે છે.

આપણે પણ આપણા હૃદયમાં શ્રધ્ધાની જ્યોત પ્રજવલિત રાખવી જોઈએ. શ્રધ્ધા વગર આપણે કોઈપણ કાર્ય પુરું નહીં કરી શકીએ.

ભક્તિ કરીએ તો શ્રધ્ધાપૂર્વક, ભોજન કરીએ તો શ્રધ્ધાપૂર્વક, દાન આપીએ તો શ્રધ્ધાપૂર્વક, સત્સંગમાં જઈએ તો શ્રધ્ધાપૂર્વક. જે પણ કાર્ય કરીએ તે પૂર્ણ શ્રધ્ધાવિશ્વાસથી કરીએ. જ્યારે કાર્યમાં શ્રધ્ધા હોય છે, ત્યારે એકાગ્રતા પણ હોય છે. તેનાથી રુચિ જાગૃત થાય છે. જે પણ કામ મન લગાડીને કરવામાં આવે છે તેમાં સરળતાની શક્યતા સ્વતઃ વધી જાય છે. જેવી રીતે સૂર્ય કિરણોને બહિર્ગોળ કાચની મદદથી એક બિંદુ પર કેન્દ્રિત કરવાથી અગ્નિ પ્રજવલિત કરી શકાય છે, એ જ પ્રમાણે શ્રધ્ધાના માધ્યમથી મનની બધી જ શક્તિઓને એકત્રિત કરી શકાય છે. શ્રધ્ધાથી પ્રાપ્ત શક્તિ દરેક કાર્યને સફળ કરી દે છે.

શ્રધ્ધાપૂર્વક કરવામાં આવેલાં પરોપકારી કર્મો જ ધ્યેયની સિધ્ધિઓનું સામર્થ્ય ધરાવે છે. તેથી મનુષ્યે શ્રધ્ધાથી ભરપૂર રહેવું જોઈએ.

સંપાદક શ્રી : શામજીભાઈ કે. પટેલ

●●●

સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ રચિત

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર"

(મત્સ્ય અવતાર)

(ગતાંકથી ચાલુ...)

સદ્‌ગુરુ મહારાજ આગળ કહે છે કે; 'જેનાં કર્મ ભ્રષ્ટ હોય છે તેની ગતિ કેવી રીતે ભ્રષ્ટ થાય છે તે જુઓ. શ્રીહરિ સપ્તપાતાળમાં ગયા, ત્યાં દસ રાજાઓને વરદાન આપ્યાં. ત્યાં શ્રીહરિની ઓળખાણ કરી વૈકુંઠ પદ પ્રાપ્તિનું વરદાન મેળવી લીધાં, પણ સુરજમલ આ એકલો શ્રીહરિના કોપનો પાત્ર થઈ એણે આત્મનાશ ઓઢી લીધું. સત્તા સામર્થ્યના અભિમાન અને મદથી અંધ થઈ એણે પરમેશ્વરી અવકૃપા પોતે જ લીધી એને જ કર્મભ્રષ્ટની ગતિ ન કહેવાય તો શું કહેવાય ! જેણે શ્રીહરિની ઓળખાણ કરી લીધી. એવા એના પુત્રને વૈકુંઠપદની પ્રાપ્તિ થઈ અને પિતાને વન વન ભટકીને રખડતાં રખડતાં આજ સ્વરૂપના કર્મગતિના ફેરામાં પડી નાશ થયો. જે કર્મહીન છે તેની આવી જ ગતિ સમજવી. જે સત્‌કર્મી, પરહિતરક્ષક છે એની બુધ્ધિ શ્રેષ્ઠ, ઉચ્ચ, બલવાન હોવાથી એને પરમજ્ઞાની સમજવો. આ જગતમાં જ શું પણ આ સર્વ જગત છોડીને અન્યત્ર કોણ કોનો પિતા અથવા પુત્ર, ભાઈ, ઈષ્ટ મિત્ર, સ્ત્રીપરિવાર વગેરે છે. એ શોધી જુઓ. જે તે જીવાત્મા ઋણબંધનના યોગથી એકબીજાથી જોડાયેલા છે. જેનું ઋણ ઉતર્યું એ પોતપોતાની ગતિથી અન્યત્ર નીકળી જાય છે. ક્ષુદ્ર બુધ્ધિ જીવાત્મા આ મારુ તે મારું આવા મમત્વને વળગીને કર્મગતિના વાદવિવાદમાં પડી આત્મનાશના કારણભૂત થાય છે.

સૂરજમલની દશા જોઈ અહીંયાં શંખાસુર વિચાર કરવા લાગ્યો કે હવે કયાં જવું ? ભાગવા માટે હવે કોઈ માર્ગ નથી. સપ્ત પાતાળની હદ પૂરી થઈ હવે બ્રહ્માંડનો છેવટનો ભાગ આવ્યો. બ્રહ્માંડનું કવચ ફાડીને તો આપણને જતાં નહીં આવડે. હવે શું કરવું ? હવે શ્રીહરિના હાથે આપણો સર્વનાશ થયા વગર રહેશે નહીં. આવો વિચાર કરી એ થરથર કાંપવા લાગ્યો. તો પણ મનમાં યુક્તિ કરી શંખનો આકાર ધારણ કરી ઉપરથી મોટો અભેદ કવચ ધારણ કરી શંખોદર નામના બેટમાં થઈ બેઠો. બધા દૈત્યોએ પણ એને સહાય કરી. આત્મરક્ષણ માટે શંખનું અભેદ કવચ ધારણ કર્યું શંખાસુરની પાછળ પાછળ શ્રી હરિએ પણ સમુદ્રમાં પ્રવેશ કરી બેટમાં જતાં જ મત્સ્ય રૂપ ધારણ કર્યું. આવી રીતે મહાન બલવાન અને સર્વ સમર્થ આવા એ શ્રીહરિએ અતિ સુંદર અને મહાન શક્તિશાળી આવા મત્સ્યનું રૂપ ધારણ કરી શંખાસુર પાસે પ્રયાણ કર્યું. શ્રીહરિએ શંખાસુરને મોટેથી ગર્જના કરી કહ્યું : 'અરે ચોર !!! આવી રીતે સ્વરૂપ બદલી તું આ શંખોદર બેટમાં શંખ થઈ બેઠો છે કે કેમ ? ઊભો રહે હવે જોઉં છું કે તું અહિથી આગળ કયાં જઈશ ? હવે તને ભાગવા માટે એક પણ માર્ગ નથી. એટલે હવે તું વેદને ચુપચાપ પાછા આપી દે, નહિ તો તું તારા નાશ માટે તૈયાર રહે. તું જો આ ચાર વેદ પરત કરતો હોય તો હું આ યુધ્ધ પાછું લઉં છું. નહિ તો યુધ્ધ માટે તૈયાર રહે ! આવી રીતે ગર્જના કરતા કરતા શ્રીહરિ શંખાસુરની એકદમ નિકટ ગયા.'

સદ્‌ગુરુ આગળ કથા કહે છે કે; 'શ્રી હરિએ શંખાસુરની એકદમ આગળ જઈ એને કહ્યું કે : 'હે શંખવા ! તું કારણ વગર આત્મનાશ ન

કરી લઈશ. અનંત કળા, લીલા, ચમત્કાર બતાવી તું મને છેક સપ્તપાતાળના તળ સુધી લઈ આવ્યો છે. હવે મારા સ્વાધીન થયા વગર કયાં જઈશ ? આવું કહી એક હાથથી શંખાસુરને પકડયો. ત્યાં એવો ચમત્કાર થયો કે, શંખાસુર એટલો બળવાન હતો પણ એનું બધું બળ એકદમ નષ્ટ થઈ ગયું. શ્રીહરિએ એને કહ્યું કે; અરે તું આટલો બળશાળી કહેવડાવે છે તો પછી કયાં ગયું તારું બળ ? તારી શક્તિ કયાં જતી રહી ? એ પ્રગટ કર. તે દૈત્યભાવને અનુસરીને મોટી મોટી પ્રતિજ્ઞા કરી હતી તે સત્ય કર અને યુધ્ધ માટે તૈયાર થા. વારંવાર સમય આવતો નથી. અનાયાસ યુધ્ધ કરવાની સંધી મળી છે તો તું યુધ્ધ કર.

શંખાસુર બે હાથ જોડીને શ્રીહરિના પગ પકડી ક્ષમા યાચના કરવા લાગ્યો. એણે કહ્યું કે : 'હે ત્રિભુવનના ધણી ! મને ક્ષમા કરો. મારી ઉપર દયા કરો. કૃપાદૃષ્ટિ કરી મારો અપરાધ ક્ષમા કરો. સ્વામી ! તમને શ્રી આદ્યનારાયણે આજ્ઞા કરીને અવતાર ધારણ કરવાની શક્તિ આપી અને તમને અપરિમિતિ તેજ આપી પોતાના જેવા કર્યા. એમના બળથી જ તમે આટલા કાર્ય કરવામાં સફળ થયા છો. હે દેવ મુરારિ ! હું પણ એ જ નારાયણના અંશથી નિર્માણ થયો છું તેથી અને એ જ નારાયણ પાસેથી મને પણ બળ મળેલ હોવાથી તમારામાં અને મારામાં અભેદ છે. સ્વામીનાથ ! બ્રહ્માંડની ઉત્પત્તિ રચના, પાલનપોષણ રક્ષણ વગેરે કાર્ય ઘડીને તમે અમારા જેવા પતિત જીવ પર દયા કરો છો. અમારો ઉધ્ધાર કરવા માટે જ તમે અવતાર ધારણ કરો છો, હે શ્રીહરિ! તમારા હાથથી મરણ થવું આ એ મારું પરમ ભાગ્ય સમજું છું, પરંતુ તમારા અવતાર કાર્ય કરવા માટે તમને મારી પણ જરૂર છે.'

આ રીતે અનેકાનેક પ્રકારે સ્તુતિ કરી શ્રીહરિ પાસે નિરખીને જોતાં શંખાસુર શ્રીહરિના પગ પકડીને ક્ષમા માગવા લાગ્યો. ભાવભક્તિયુક્ત અંતઃકરણથી મસ્તક શ્રીહરિના ચરણમાં નમાવીએ સ્તુતિ કરવા લાગ્યો.

શ્રીહરિએ શંખાસુરને કહ્યું : 'અરે, તને મારવા માટે હું આવેલ છું અને તું મારી સ્તુતિ કરે છે ? આ તારા બાહ્ય આડંબરથી હું તને નહીં છોડું. તું સ્વર્ગલોકથી ભાગીને લાવેલ સંપત્તિ મારા સ્વાધીન કર. તું બ્રહ્માના વેદ અને શક્તિના અલંકાર અને મારાં પાંચ આભુષણ અને સ્વર્ગના મુલ્યવાન રત્નો લાવેલ છે તે પાછાં આપ અને નિચિંત થા. શા માટે આટલો ભક્તિનો ડોળ કરી મને ભૂલાવે છે ?

શંખાસુરે કહ્યું ; 'હે શ્રીહરિ ! મારા તપશ્ચર્યાના બળથી મે મહાદેવને પ્રસન્ન કર્યા છે. મહાદેવે પ્રસન્ન ચિત્ત થઈ મસ્તક પર હસ્ત ધારણ કર્યા પ્રમાણે અપરિમિત એવું બળ આપી મને ઉપકૃત કરેલ છે. મેરૂ સમાન અચળ સ્થિર એવા આત્મનિગ્રહનું બળ આપી અનન્ય સાધારણ એવા હૃદય સ્થિતિનું જ્ઞાન આપી તમારા સમાન કરેલ છે, પણ સૃષ્ટિચક્ર ચાલે તે માટે આ સર્વ અવતારી લીલા કરવાની છે.

બ્રહ્મદેવના વેદોત્પત્તિનો જે અહંકાર હતો તેના માટે મેં તેમના વેદ હરણ કર્યા છે. શક્તિદેવીને જે અહંકાર થયેલ હતો કે બધામાં હું જ બળવાન છું, બધાને બળ આપનારી હું જ છું, એવા સ્વરૂપના તે અહંકારના માટે મેં એની પાસેથી રત્નો ચોરી લીધા. પછી તમને પણ એક પ્રકારનો સુક્ષ્મ અહંકાર આવ્યો હતો કે હું સર્વ દેવોમાં કંઈ અંશથી મોટો છું. હું નારાયણના બરોબરીનો હોવાથી બધામાં શ્રેષ્ઠ છું એવા અહંકારનું નિવારણ કરવા મેં તમારા પંચ આભુષણની ચોરી કરી. આ રીતે તમારી અત્યંત ગમતી હકીકત હરણ કરવાથી તમે નિરાશ થયા. આ જોઈ સદાશિવ નારાયણ પાસે જઈને એમણે બધી આ સર્વ હકીકત નિવેદન કરી.

નારાયણે તમને બોલાવી તમારી શક્તિ સ્થાપન કરી મારો નિઃપાત કરીને આ સર્વ વસ્તુ પરત લાવવા તમને મોકલ્યા છે અને તે પ્રમાણે તમે તમારું કાર્ય કરો છો અને તમારા કાર્યને પ્રશંસા મળે છે. બધે તમારા નામનો પ્રકાશ પડે અને એ દ્વારા ઈશ્વરની સાધના, જાપજાપ્ય વગેરે કરીને લોક તમને આવીને મળશે અને એ દષ્ટિએ તમારા કાર્યને પુષ્ટિ મળે માટે હું આ બધી વસ્તુ લઈને ચૌદ ભુવનમાં ભટકયો અને અનાયાસે તમારી કાર્ય સિધ્ધિ થઈ. શ્રીહરિ મને કોઈપણ પ્રકારની વાસના નથી. એક જ ઈચ્છા છે કે મારા મસ્તક પર તમારાં ચરણ ધરીને મને શુધ્ધ પાવન કરો અને મને તમારામાં સમાવી લો. હે સ્વામી ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ ત્રણેય મૂર્તિ એક જ રૂપ છે. કોઈપણ ન્યુનાધિક નથી, પરંતુ આ પિંડ અને બ્રહ્માંડ ચલાવવા માટે તમારા અલગ અલગ ગુણ ધારણ કરી કાર્ય કરે છે. હે શ્રીહરિ ! તમારી આ વસ્તુઓની સંભાળ કરવા હું સમર્થ નથી. મારી પાસે રાખવા જેવી આ વસ્તુઓ નથી. તે હું તમારા સ્વાધીન કરું છું, પણ મારી અંતિમ ઈચ્છા પૂર્ણ કરવા મને તમારા સ્વરૂપમાં સમાવી લો, એવું કહીને શંખાસુર શ્રીહરિને અનન્યભાવે નમસ્કાર કરવા લાગ્યો. પોતાનાં બધાં પ્રકારનાં બળ અને માન અપમાન બાજુમાં મુકી દૈત્ય સ્વભાવ દૂર કરી અત્યંત દીનપણે ક્ષમા યાચવા લાગ્યો.

શ્રી હરિએ એના અંતઃકરણમાં શુધ્ધભાવ જાણી કહ્યું કે; હે શંખવા, હું નારાયણથી વચનબધ્ધ થઈને શક્તિ અને બ્રહ્માનું કાર્ય વ્યવસ્થિત પાર પાડવા માટે આવ્યો છું. એ જવાબદારી પૂર્ણ પાર પાડીશ એટલે હું તારી ઈચ્છા પૂર્ણ કરીશ.

'હે શંખાસુર, તારાં વચન સાંભળી હું સંતુષ્ટ થયો છું. તને જે વારદાન માગવું હોય તે નારાયણની કૃપાથી હું પૂર્ણ કરીશ.' શંખાસુરે પરમ આનંદીત થઈ કહ્યું; 'હે શ્રીહરિ મારી ઉપર કૃપા કરીને મારા માટે દસ અવતાર લેવાનું કાર્ય તમે અંગિકાર કર્યું, પરંતુ હે શ્રીહરિ ! જો તમે મારા ઉપર પ્રસન્ન જ હોવ તો એક બીજું વચન માગું છું એ પૂરું કરવા માટે તમે કૃપા કરશો. હું મારા દૈત્ય સ્વભાવને અનુસરીને તમારું કોઈપણ વચન સરળ અર્થથી માનીશ નહીં. તમારા વેદ વચનનું પાલન હું કરી શકીશ નહીં, પણ મારી અંતિમ ઈચ્છા તમારા હાથથી જ મૃત્યુ થાય. સિવાય કોઈનાથી પણ મારો વધ ન હોય. હે સ્વામી ! હું દસે અવતાર તમારી સાથે યુધ્ધ કરવાની ઈચ્છાથી લઈશ એ તમે પૂરી કરો. તમારા નામથી જે જે ઠેકાણે ભક્તિભાવથી યુક્ત સંકીર્તન, ભજન, પૂજન થતાં હશે એ ઠેકાણે જઈ એ લોકોમાં અહંકાર, દંભ વગેરે ભાવ ધારણ કરવા પ્રવૃત્ત કરી એમાં ભંગાણ પાડવા માટે યશસ્વી થાઉં. આ વરદાન મને આપો. જયાં વેદવાણીથી યુક્ત એવા તત્ત્વોથી તમારા સ્વરૂપનું લોકોને જ્ઞાન કરી આપે એવી સભામાં જઈને સર્વ નિરર્થક કરતાં આવડે એવું બળ મને આપો. ભજનકીર્તન કરી જે તમારું સ્મરણ કરશે એ ઠેકાણે તમારા સિવાય મારી જ ભક્તિ એ કરવા લાગે એવી મનોવૃત્તિ બદલવાનું સામર્થ્ય મને આપો. આ રીતે વિચિત્ર વરદાનની શંખાસુરે શ્રીહરિ પાસે માગણી કરી અને એ પૂરી કરવા પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ આશ્ચર્ય થઈ એને પૂછયું; અરે શંખાસુર, જગતથી અલગ વચન શા માટે માગે છે. તારા જન્મને સાર્થક કરી લે. શંખાસુરે કહ્યું કે; હે શ્રીહરિ ! હજુ એક વાત માગવાની છે કે સૃષ્ટિકર્તા બ્રહ્મા સહીત બધાએ મને માન આપી મારી અવધિ પૂરી થાય ત્યાં સુધી મારા કાર્યમાં કોઈએ વચ્ચે આવવું નહીં. બીજા કોઈથી પણ મને મરણ ન આવે. જે પ્રમાણે દેવ અને ચોથી શક્તિ તે પ્રમાણે તમારી સાથે પાંચમો એવો હું, મને તમારા જેવું માન મળે એ પ્રમાણે તમે મને વર આપો.'

શ્રીહરિએ કહ્યું: 'હે શંખાસુર, તારી જે

ઈચ્છા હશે તે પૂર્ણ થશે પણ એ માટે તને તપશ્ચર્યાનું પીઠબળ જોઈએ. તું મહાદેવ પાસે જા. એમની પાસે જઈ તપ કરી પ્રસન્ન કરી એમની પાસેથી વરદાન મેળવી લે. એ તારું બળ શક્તિ પરાક્રમ વધારી માન આપશે, એટલે તું મહાદેવનો આશ્રય લે. ફકત તારું પહેલું વરદાન હું પૂર્ણ કરું છું. પણ મારા જે સાચા ભકત હશે તેને જો તું ત્રાસ આપીશ તો મારે તારી સાથે યુધ્ધ કરવું પડશે.

આ રીતે બંને દેવ અને દાનવની વાતચીત થઈ. શ્રીહરિએ શંખાસુરને કહ્યું; 'હે શંખવા, જયારે જાંબુદ્વિપમાં હું અવતાર ધારણ કરીશ અને છેલ્લા સંધીકાળમાં પ્રગટ થઈશ ત્યારે બધાં દેશોદેશના રાજા એટલે ચતુર્યુગના સર્વ સદ્‌ભક્ત એકત્ર થઈ બધાને મોક્ષગતિ પ્રાપ્ત થશે ત્યારે તને પણ મોક્ષગતિ મળશે એવી નારાયણની આજ્ઞા છે. ત્યાર સુધી તારે અને મારે આ જગતચક્રમાં અવતાર કાર્ય કરવું પડશે. આમ શ્રીહરિએ કહ્યા પ્રમાણે પરમ સંતોષિત થઈ શંખાસુરે માથું હલાવી એકાગ્ર ચિત્ત કરી નારાયણનું ધ્યાન કરવા લાગ્યો.

●●●

આરોગ્ય અને ઔષધ

● કમરનો દુઃખાવો- સંધીવા ●

- અજમો અને ગોળ સરખે ભાગે મેળવી સવાર સાંજ ખાવાથી કમરનો દુઃખાવો મટે છે.
- સુંઠ અને ગોખરુ સરખે ભાગે લઈ તેનો ઉકાળો કરી રોજ સવારે પીવાથી કમરનો દુઃખાવો મટે છે.
- સુંઠનું ચૂર્ણ ગરમ પાણી સાથે ફાકવાથી કમરનો દુઃખાવો મટે છે.
- ખજુરની પાંચ પેશીનો ઉકાળો કરી તેમા અર્ધો તોલો મેથી નાખી પીવાથી કમરનો દુઃખાવો તેમજ દુઃખતા સાંધામાં આરામ થાય છે.
- સુંઠ, લસણ, અજમો રાઈના તેલમાં ગરમ કરી તેનું માલિશ કરવાથી કમરનો દુઃખાવો તેમજ દુઃખતા સાંધામાં આરામ થાય છે.
- સુંઠ અને હીંગ, તેલમાં ગરમ કરી માલીશ કરવાથી કમરનો દુઃખાવો તથા શરીર જકડાઈ ગયું હોય તો મટે છે અને સાંધાનો દુઃખાવો પણ મટે છે.
- રાઈના તેલ સાથે કાંદાનો રસ મેળવીને માલીશ કરવાથી સંધિવાનો દુઃખાવો મટે છે.
- આદુના રસમાં સહેજ મીઠું નાખી તેનું માલીશ કરવાથી સંધિવાનો દુઃખાવો મટે છે. ડોક રહી ગઈ હોય તો તે પણ મટે છે.
- જાયફળને સરસીયા તેલમાં ઘસી માલીશ કરવાથી જકડાયેલા સાંધા છુટા પડે છે અને સંધિવા મટે છે.
- લવીંગનું તેલ ઘસવાથી સંધિવાનો દુઃખાવો મટે છે.
- ધાણા ૧૦ ગ્રામ અને સુંઠ ત્રણ ગ્રામ લઈ વાટી તેનો ઉકાળો બનાવી તેમાં મધ નાંખી પીવાથી પડખાનો દુઃખાવો તથા છાતીનો દુઃખાવોમટે છે.
- સુંઠ, સાજીખાર અને હીંગનું ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી સર્વ પ્રકારની શૂળ મટે છે.
- જીરૂ, હીંગ અને સિંધવની ફાકી ઘી સાથે લેવાથી શૂળ મટે છે.
- એક ચમચી શેકેલી હીંગ થોડા ગરમ પાણીમાં પીવાથી પડખાનો દુઃખાવો મટે છે.
- સુંઠનો ઉકાળો કરી તેમાં એક ચમચી દિવેલ નાખીને પીવાથી સંધિવાનો દુઃખાવો મટે છે.
- દોઢથી બે તોલાભાર મેથી અથવા મેથી પાવડર રોજ પલાળીને લેવાથી વા મટે છે.
- કોઈપણ પ્રકારના શૂળ પડખા, છાતી હૃદય કે માથામાં દુઃખાવો હોય ત્યારે તુલસીનો રસ ગરમ કરી તેના પર માલીશ કરવાથી તરત આરામ થાય છે. અને બે ચમચી તુલસીનો રસ પી જવો.
- મેથીને થોડી ઘીમાં શેકી તેનો લોટ કરવો, તેમાં ગોળ- ઘી ઉમેરીને લાડુ બનાવી લેવા, આ લાડુ ૮-૧૦ દિવસ સુધી ખાવાથી કમરનો દુઃખાવો અને સંધિવા મટે છે. જકડાઈ ગયેલા અંગો છૂટા પડે છે અને હાથે પગે થતી કળતર પણ મટે છે.

જન સેવા એજ પ્રભુ સેવા ટ્રસ્ટ રજી. નં. ઈ/૩૧૬૭/સા.કાં.

ફોન નં. ૦૨૭૭૨ ૨૪૧૧૯૫ ૯૮૨૫૦૧૧૧૩૭, ૯૯૧૩૦૨૪૩૦૭, ૯૯૨૫૦૧૧૧૩૭.

પાટીદાર સેવા સંઘ – હિંમતનગર

(માનવ સેવા સંસ્થા)

એલ–૩૫/૩૬ આકાશગંગા કોમ્પલેક્ષ

બસસ્ટેન્ડ પાસે, હિંમતનગર. સાબરકાંઠા, ગુજરાત.

E-mail : info@patidarsevasangh.org Website : www.patidarsevasangh.org

જય ઉમિયા સહ, સાદર નમસ્કાર.

સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ કે જે મા ઉમાના સંતાનો છે તેમાં વર્ષોથી સામાજીક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે કે વ્યવસાયીક ક્ષેત્રે કે અનેક વિધ ક્ષેત્રની પ્રવૃત્તિઓ હંમેશાં ચાલતી રહી છે. મા ઉમાની કૃપાથી સતત સમાજની ચડતી થઈ રહી છે પરંતુ આ સિવાય સમાજનું એક એવું ક્ષેત્ર પણ છે કે જેના તરફ આપણું ધ્યાન ગયુ નથી. આ ક્ષેત્ર છે છેવાડાનો માણસ, છેવાડાના માણસની પરિભાષા એટલે કે આર્થિક રીતે તદન બેહાલ કે જેમાં જીવનનું ગાડુ ચલાવવું પણ મુશ્કેલ હોય, આ સ્થિતિમાં માંદગી સારવારનો પ્રશ્ન, મોટી ઉમરે નિરાધાર વૃધ્ધોને સહારાનો પ્રશ્ન, વિધવા–ત્યકતા જે બે સહારા બહેન – દિકરીઓનો પ્રશ્ન તેમજ અપંગ, અંધજન, મંદબુધ્ધિ, માનસિક રીતે અસ્વસ્થ કે બહેરાં–મૂંગાના પ્રશ્નો જે માણસને તદન લાચાર બનાવી ભારે દયાજનક સ્થિતિમાં ધકેલી મુકતા હોય છે.

સમાજના આવા જરૂરિયાતમંદ લોકોની માત્રને માત્ર આંગળી પકડવાના હેતુથી આજથી લગભગ પંદર વર્ષ પહેલાં અમોએ આ દિશામાં પ્રયાસ શરૂ કરેલ છે. અમારા આ લાંબા પ્રયાસ પછી અમને સ્પષ્ટ સમજાયું છે કે સમાજની ઉપરની સપાટીના ચળકાટ નીચે ક્યાંક ગરીબાઈથી પીડાતા આપણાં દીન–દુઃખીયારા ભાઈ–ભાંડુ પણ છે. અને તેમાં ડુબકી મારનાર માટે સંખ્યા પણ ઓછી નથી, દરેક કેસ એક નવી વાર્તા લઈને સામે આવે છે. મજબૂરીની આ કરૂણાસભર કહાનીમાં અમો અમારી સિમિત શકિત સાથે ભરપૂર પ્રયાસ કરેલ છે.પરંતુ દિન–પ્રતિદિન સમાજના છેવાડાના માણસ સુધી સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓની જાણ થાય છે તેમ તેઓ આ સુવિધાનો લાભ લેવા સંસ્થા સુધી પહોંચે છે. જેથી સંસ્થા ઉપર કામગીરી અને આર્થિક ખર્ચનો બોજ વધે છે તો આ આર્થિક ખર્ચના ભારણને પહોચી વળવા અમારી આ સફરમાં જોડાવા આપણા જ્ઞાતિજનોને ઈજન છે નમ્ર અપીલ છે કે આપસૌ આ સફરમાં જોડાઈ જાઓ જેથી અમારી શકિત વધી શકે, અમારી આ સફર કોઈ પણ જાતના ધાર્મિક વાદ–વિવાદ કે વિચારસરણી સાથે જોડાયેલ નથી માત્રને માત્ર કરૂણા ચિત્કારનો પ્રતિઘોષ છે. આપણા સમાજના છેવાડાના માનવીની વ્યથામાં જોડાઈને તેઓની મુશ્કેલીઓ ઓછી કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે કોઈ પણ રીતે આપનુ યોગદાન અમારા માટે માત્ર પ્રેરણા રૂપ જ નહિ પણ આ છેવાડાના માણસની વેદનામાં અમૃતનુ રસપાન કરાવવાનું કામ કરશે. આપણી આ સંસ્થા દ્વારા સંચાલિત " શ્રી ઉમા વાત્સલ્યધામ " ની મુલાકાત લેવા માટે અમારી આપને આગ્રહભરી વિનંતી છે.

અમને પૂર્ણ વિશ્વાસ છે કે આપણો સમાજ ભારે સંવેદનશીલ છે અમોએ એક નાના બિંદુ સાથે શરૂ કરેલ આ માનવસેવાની પ્રવૃત્તિને ભારે ઉત્સાહ સાથે ઝીલી લેશો.

આપના સેવક

પ્રમુખશ્રી/મંત્રીશ્રી,

પાટીદાર સેવા સંઘ – હિંમતનગર દ્વારા સંચાલિત

શ્રી ઉમા વાત્સલ્ય ધામના વ્યવસ્થાપકો તેમજ સેવાવૃતધારી કાર્યકરો.

ફોન નં. ૦૨૭૭૨ ૨૪૧૧૯૫ ૯૮૨૫૦૧૧૧૩૭,

૯૯૧૩૦૨૪૩૦૭, ૯૮૨૫૨૧૨૩૧૨, ૯૯૨૫૦૧૧૧૩૭.

આ સંસ્થામાં આપેલ દાન ઈન્કમટેક્ષમાં ૮૦ જી મુજબ ૫૦% માફીને પાત્ર છે. દાનવીર દાતાશ્રીઓને નમ્ર નિવેદન કે બેંકના ખાતામાં સીધુ ભરણું (રોકડ / ચેક) કરો તો તેની બેન્કમાં ભરેલ રકમની સ્લીપ કાર્યાલય ના સરનામે મોકલી આપશોજી. તદ ઉપરાંત ભરેલ રકમની જાણ તેજ દિવસે સંસ્થામાં ફોનથી પણ અચૂક કરવી જેથી આપના તરફથી અપાયેલ દાનની પાવતી સમયસર મોકલી શકીએ.

બેન્ક ઓફ બરોડા – હિંમતનગર કરંટ ખાતા નંબર : ૧૨૪૨૦૨૦૦૦૦૦૫૯૧

Jalgaon Faizpur

પૂ. ગુરુદેવ શ્રી જગન્નાથજી મહારાજ પુણ્યતિથિ મહોત્સવ પ્રસંગે 'શ્રી નિષ્કલંધામ' ભૂમિપૂજન તથા 'મંથન' સત્પંથ જ્ઞાન સત્સંગ કાર્યક્રમ : ફૈજપૂર - જલગાંવ, મહારાષ્ટ્ર (તા. ૧૩/૧૪ ડીસેમ્બર - ૨૦૧૪)



ઉપરોક્ત પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી તથા સંત-મહંતો તેમજ ભાવિક હરિભક્તોનું અભિવાદન કરી રહેલ પ.પૂ. મહંતશ્રી જનાર્દનહરિજી મહારાજ



ઉપરોક્ત પ્રસંગે દીપ પ્રાગટ્ય કરી રહેલ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા સંતો-મહંતો



ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન સંતો-મહંતો



ઉપરોક્ત પ્રસંગે 'સત્પંથ ચેરીટેબલ ટ્રસ્ટ'ના લોગોનું વિમોચન આશીર્વાદ સહ કરતા પૂ. જગદ્‌ગુરુશ્રી તથા સંતો



ઉપરોક્ત પ્રસંગે 'નિષ્કલંકધામ' ભૂમિપૂજન બાદ નિષ્કલંકધામનો પ્લાનનો નકશો દર્શાવતા પૂ. જગદ્‌ગુરુ શ્રી તથા સંતો -મહંતો



ઉપરોક્ત પ્રસંગે મહાપૂજા - વારિયજ્ઞ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના સાનિધ્યમાં સ્વમુખે



ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં બિરાજમાન ભાવિક હરિભક્તો

Registered under RNI No. GUJ - GUJ - 2012/42296. Dt. 18-05-2012.
Registered Under Postal Registration No. GAMC - 1830/2015-2017 By S.S.P. Ahmedabad City DN
Valid up to 31st December 2017. Posted on 15th Every Month from PSO Patrika Channal Ahmedabad - 380002.
દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક



નીતિસૂત્ર

- પ્રલયના સમયે સમુદ્ર પોતાની મર્યાદા ત્યાગીને કિનારાઓને છોડી દે છે અથવા તોડી દે છે, પરંતુ સજ્જન પુરુષ પ્રલય સમાન ભયંકર આપત્તિ અને વિપત્તિ આવી પડે ત્યારે પણ પોતાની મર્યાદા નથી છોડતા.
- મૂર્ખથી દૂર રહેવું, તેને ત્યાગી દેવો જ ઉચિત છે, કારણ કે તે પ્રત્યક્ષ રૂપમાં બે પગવાળું પશુ છે. તે વચનરૂપી બાણોથી મનુષ્યને એવી રીતે વીંધે છે, જેવી રીતે અદૃશ્ય કાંટો શરીરમાં ઘૂસીને શરીરને વીંધતો રહે છે.

રવાના :
સતપંથ પ્રકાશ
સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫.

To, ______________________

Printed, and Published by **SHAMJIBHAI K. PATEL on behalf of Satpanth Prakashan Samiti** and Printed at **Smruti Offset**, B/5, Ravi Estate, Rustom Mill Compound, Near Torrent Power, Near Water Tank, Dudheshwar, Ahmedabad - 380 004 and published from Satpanth Prakashan Samiti, Shri Satpanth Premapith, At - PIRANA - 382 425, Taluka - Dascroi, Dist. Ahmedabad.
Editor - **SHAMJIBHAI K. PATEL**